# વાજબી સંવાદ જ વિનમ્ર સમાજ સર્જશે

ગાંધીનગર, તા. ૨૧

નિરમા યુનિવર્સિટીના ૨૭મા પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ દેશના પૂર્વ ચીફ જસ્ટિસ દીપક મિશ્રાએ અત્યંત સૂચક અને વિદ્વતાપૂર્ણ વક્તવ્યમાં જણાવ્યું હતું કે, 'આજે આપણને શાંતિ, હકારાત્મકતા અને માનવતાની પહેલા કરતાં પણ વધુ જરૂર છે. કોઈ તમારાથી વિપરીત મત રાખે તો એ કોઈ પરગ્રહવાસી થઈ જતો નથી. અન્ય સાથે વાજબી સંવાદ જ આપણને એક એવા વિનમ્ર અને લવચીક સમાજ તરફ લઈ જશે, જ્યાં ભિન્નતા છતાંય બધા સંયુક્ત હશે. સમાજ પ્રત્યેની યુવાનોની જવાબદારી અને ફરજ થકી જ કોઈ પણ સમાજની પરિપક્વતાને આંકી શકાય. તેથી રાષ્ટ્રીય અખંડિતતા અને બંધુત્વના આંબેડકરના દર્શનને નાગરિકોએ આગળ વધારવું જ રહ્યું'.

જસ્ટિસ મિશ્રાએ યુવાન વિદ્યાર્થીઓને નમ્રતા માટેના 'ન્યૂટનિયન સિદ્ધાંત'ને સમજવા જણાવ્યું હતું. તેમને કહ્યું હતું કે, 'જ્યારે તમે બૌદ્ધિક વિનમ્ર બનો છો ત્યારે જ સમજશો કે શિક્ષાની ભૂમિકા ત્યાં સુધી અધૂરી છે જ્યાં સુધી સમાજના વિકાસમાં આર્થિક અને પરંપરાગત રીતે પાછળ રહી ગયેલાનો સમાજમાં સમાવેશ ન થઈ જાય. તેથી હું તમને ખાતરી આપું છું કે એન્જિનિયર, ડોક્ટર, વકીલ, વૈજ્ઞાનિક, મેનેજરથી આગળ વધીને તમે જ્યારે સરકારી-બિનસરકારી સંસ્થાઓના શોષણનો ભોગ બનનારાઓના હાથ ઝીલીને તેમની મદદ કરશો તો જ ખરો આનંદ મેળવી શકશો.'

એક વિદ્યાર્થી અને એક વ્યક્તિમાં હમેશા 'બૌદ્ધિકતાની ભૂખ' હોવી જોઈએ એવું જણાવતા તેમણે કહ્યું હતું કે, 'સ્નાતક કે Ph.D. થયા બાદ પણ શીખવાની ધગશ ખતમ થવી જોઈએ નહીં. તેમે જેટલું શીખશો ત્યારે ખબર પડશે કે તમે કેટલું ઓછું જાણો છો. તમે ઊંચી ઈચ્છાઓ રાખો પણ એ ઈચ્છાઓથી પરિચાલિત થતાં નહીં. ક્યારેય સાહસ દેખાડવામાં પાછી પાણી કરતા નહીં. ખરા સમયે જ 'અધર્મ' વિરુદ્ધ નહીં લડવું એ તમારી બિન-સાહસિકતા હશે. તેથી બૌદ્ધિક સાહસ હંમેશા જાળવી રાખજો. તમે ઈતિહાસના નિર્માતા બનજો ઈતિહાસમાં ખોવાઈ ન જતાં. નિષ્ફળતાથી ક્યારેય નિરાશ ન થતાં. હંમેશા યાદ રાખજો કે માણસ ખતમ થઈ શકે છે પણ હારતો નથી. તેથી જ હું તમને શિક્ષણ સાથે 'રોમાન્સ' કરવાની સલાહ આપું છું. સર્જનાત્મક, સમસ્યા નિવારનાર અને સૂક્ષ્મ વિચારશીલ બનો.' સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી અને નિરમા યુનિવર્સિટીના કરસનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જસ્ટિસ મિશ્રાએ અંતમાં દરેક વિદ્યાર્થીને કહ્યું કે જીવનમાં ક્યારેય ત્રણ માતાનું ઋણ ન ભૂલતા. જન્મ દેનારી માતા, જ્યાં ભણ્યા છો એ માતૃસંસ્થા અને જ્યાં જન્મ લીધો છે એ માતૃભૂમિની પ્રતિષ્ઠા પર ક્યારેય આંચ ન આવવા દેતાં.

# આરટીઆઈ હેઠળ મળેલો પ્રવેશ કન્ફર્મ નહીં કરાવાય તો રદ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહી હાલમાં ચાલી રહી છે. જેમાં ૬ મેના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરાશે. તેમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો હશે તેઓ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તો તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરાઈ છે. ત્યારબાદ ખાલી પડેલી બેઠકો માટે બીજી કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, આરટીઈમાં પ્રવેશ માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. પ્રવેશ ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયા બાદ હવે ૨૫ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. ત્યારબાદ ૬ મેના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. આ યાદીમાં સમવિષ્ટ વિદ્યાર્થીઓએ જે તે સ્કૂલમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પરંતુ જો કોઈ વિદ્યાર્થીએ સ્કૂલ પર જઈને પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નહીં હોય તો તેનો આરટીઈનો પ્રવેશ રદ કરવામાં આવશે.

ત્યારબાદ પ્રથમ રાઉન્ડના અંતે વંચિત વિદ્યાર્થીઓને એસએમએસ દ્વારા ખાલી બેઠકો અંગે જાણ કરવામાં આવશે. જેથી આવા વિદ્યાર્થીઓ માટે આરટીઈની વેબસાઈટ પર જઈને લોગીન કરી જે તે સ્કૂલની બેઠકો ખાલી પડી હોય તે પસંદ કરી શકાશે. એસએમએસ ન મળ્યો હોય તો પણ તેઓ વેબસાઈટ પર જઈ નવી ચોઈસ ભરી શકશે. જેથી આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રથમ રાઉન્ડના વંચિત વિદ્યાર્થીઓને બીજી પ્રવેશ યાદીમાં સમાવી લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



દિનેશ પી. બ્રહ્મભટ્ટ



શ્રેયા જસ્મીન જોશી
મો. ૯૩૨૮૪ ૩૭૧૬૯



હર્ષ નીતીનભાઈ મહેરિયા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### મતદાન અંગે જાગૃતિ માટે

# રેડિયો સિટી-અમનપાએ વિશ્વવિક્રમ નોંધાવ્યો



અહમદાવાદ ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી વિક્રાંત પાંડે અને રેડિયો સીટી ૯૧.૧ દ્વારા વોટર અવેરનેસ માટે અમદાવાદનાં ૩.૫ લાખ કરતા પણ વધારે વાહનોમાં ફરજીયાત મતદાન માટે વોટ અવેરનેસના સ્ટીકર્સ ચોંટાડીને વર્લ્ડ રેકોર્ડ નોંધાવવામાં આવ્યો હતો. વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા જિલ્લા કલેક્ટર વિક્રાંત પાંડે અને રેડિયો સિટીની ટિમને આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે લંડનના સાંસદ વિરેન્દ્ર શર્મા, સંતોષ શુક્લ અને દિવ્ય ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

### ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓને રાહત, બજારમાં પુસ્તકો આવ્યાં નથી પરંતુ

# નવાં પાઠ્યપુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યની તમામ શાળાઓમાં ૧૦ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. જોકે, હજુ શૈક્ષણિક વર્ષ-૨૦૧૯ માટે નવા પુસ્તકો બજારમાં આવ્યા ન હોઈ અત્યારથી જ તૈયારી કરનારા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. જોકે, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા જૂન-૨૦૧૯થી અમલમાં આવનારા નવા પુસ્તકો વેબસાઈટ પર અપલોડ કરી દીધા હોઈ વિદ્યાર્થીઓ વેબસાઈટ પરથી પુસ્તકો મેળવી તૈયારી કરી શકે છે. ઉપરાંત મે માસની શરૂઆત સુધીમાં મોટાભાગના પુસ્તકો બજારમાં ઉપલબ્ધ થઈ જાય તે પ્રકારનું આયોજન છે. ૨૦૧૯થી ધો.૧૦, ૧૨માં NCERTના પુસ્તકો અમલમાં આવનાર હોવાથી અનેક પુસ્તકો બદલાયા છે.

રાજ્યમાં ૧૦ જૂનથી શરૂ થતાં નવા શૈક્ષણિક સત્રમાં અનેક ધોરણના પુસ્તકોમાં ફેરફાર કરાયો છે. આ ફેરફાર સાથેના પુસ્તકો વેકેશન દરમિયાન જ બજારમાં મળતા થઈ જાય તે પ્રકારનું આયોજન પાઠ્યપુસ્તક મંડળ દ્વારા હાથ ધરાયું છે. જોકે, હજુ સુધી પુસ્તકો જોઈએ તેટલા ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓ મુંઝવણમાં છે. તેમાં પણ ધો.૧૦ અને ધો.૧૨ની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ વેકેશનથી જ અભ્યાસ શરૂ કરી દેતા હોવાથી તેમને નવા પુસ્તકો મળ્યા ન હોવાથી અભ્યાસમાં મુશ્કેલી પડી રહી છે. હાલમાં મોટાભાગની શાળાઓમાં પરીક્ષા પૂર્ણ થઈ છે અને ઘણી શાળાઓએ તો પરિણામ પણ જાહેર કરી દીધા છે.

જોકે, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ૨૦૧૯થી અમલમાં આવનારા નવા પુસ્તકો વેબસાઈટ પર અપલોડ કરી દીધા હોવાથી ધો.૧૦ અને ધો.૧૨ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને રાહત મળશે. ધો.૧૦ અને ધો.૧૨માં નવા શૈક્ષણિક સત્રથી દ્નઝ્રઈઇ્નો અભ્યાસક્રમ અમલમાં આવવાનો છે અને તે અંગેના પુસ્તકો ગુજરાતીમાં અનુવાદ થઈ ચૂક્યા છે, પરંતુ બજારમાં ઉપલબ્ધ નથી. પરંતુ હવે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ પુસ્તકો વેબસાઈટ પર મૂકી દીધા હોવાનું જાણવા મળે છે. જેથી હવે વેકેશનમાં તૈયારી કરનારા વિદ્યાર્થીઓને અભ્યાસમાં પુરતી મદદ મળી રહેશે.

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા હાલમાં ધો.૪ ગુજરાતી માધ્યમમાં પર્યાવરણ વિષયનું નવું પુસ્તક અપલોડ કરી દીધું છે. આ ઉપરાંત ધો.૧૦માં NCERTના અભ્યાસક્રમ આધારીત ગણિત અને વિજ્ઞાન વિષયના પુસ્તકો ગુજરાતી માધ્યમમાં અપલોડ કર્યા છે. જ્યારે ધો.૧૨ ગુજરાતી માધ્યમમાં બાયોલોજી, ફિઝિક્સ પાર્ટ-૧, ફિઝિક્સ પાર્ટ-૨, કેમિસ્ટ્રી પાર્ટ-૧, કેમિસ્ટ્રી પાર્ટ-૨, મેથ્સ પાર્ટ-૧, મેથ્સ પાર્ટ-૨, બાયોલોજી લેબોરેટરી મેન્યુઅલ, ફિઝિક્સ લેબોરેટરી મેન્યુઅલ અને કેમિસ્ટ્રી લેબોરેટરી મેન્યુઅલ પુસ્તકો વેબસાઈટ પર મૂકી દીધા છે.

આ ઉપરાંત અન્ય વિષયના પુસ્તકો પણ ટૂંક સમયમાં જ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મૂકી દેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે. આ વખતે NCERTના અભ્યાસક્રમનો અમલ કરવામાં આવનાર હોવાથી અનેક ધોરણના વિષયોમાં ફેરફાર કરાયો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં તો પુસ્તકો પહેલાથી જ ઉપલબ્ધ છે પરંતુ ગુજરાતી ભાષામાં તે પુસ્તકોનું ભાષાંતર કરવાનું હોવાથી સમય ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ટૂંક સમયમાં તમામ પુસ્તકો પુસ્તક મંડળની વેબસાઈટ પર જોવા મળશે અને બજારમાં પણ મેના પ્રથમ સપ્તાહ સુધીમાં પુસ્તકો પહોંચી જાય તે પ્રકારનું આયોજન કરાયું છે.

# ગાંધીજીનો વિનોદ

॥ છઠ્ઠો મણકો ॥

### ૯ - મિનિસ્ટર થવું છે ?

ઈસ ૧૯૩૭ની ચૂંટણીમાં પહેલી જ વાર કોંગ્રેસે સત્તાવાર ભાગ લીધો અને બહુમતીથી ધારાસભાઓ કબજે કરી. પણ હોદ્દા સ્વીકારવા કે નહીં એ પ્રશ્ન પર મોટી મડાગાંઠ ઊભી થઈ. કોંગ્રેસમાં પણ આ પ્રશ્ન પરત્વે બે ભાગલા પડી ગયા હતા.



એ ગાળામાં ગાંધીજી મદ્રાસ જઈ રહ્યા હતા. દરેક સ્ટેશને મોટી માનવમેદની તેમનાં દર્શનાર્થે ભેગી થતી હતી. પત્રકારો પણ તેમાં હોય જ. બેઝવાડા સ્ટેશને ગાડી પહોંચી ત્યારે મહામુસીબતે ટોળામાંથી માર્ગ કરતો એક પત્રકાર ગાંધીજી પાસે આવી પહોંચ્યો. તેણે પ્રશ્ન કર્યો, 'બાપુજી, કોંગ્રેસ હોદ્દાનો સ્વીકાર કરશે ?'

દેશના સળગતા પ્રશ્ન પર ગાંધીજીનો અભિપ્રાય માગ્યો હતો. ગાંધીજી કંઈપણ બોલે તેને દેશપરદેશમાં ભારે પ્રસિદ્ધિ મળે એવો એ પ્રશ્ન. પોતે મૌન સેવે તો તેનો પણ અમુક અર્થ ઘટાવી શકાય.

એ પરિસ્થિતિમાંથી બચવા ગાંધીજીએ તરત સામો પ્રશ્ન કર્યો,

'કેમ ? તમારે મિનિસ્ટર થવું છે ?'

આવો અણધારેલો સામો સવાલ સાંભળી પત્રકાર મુંઝાઈ ગયો. આથી આસપાસ ઊભેલા હસી પડ્યા, પત્રકાર મુંઝાઈને ટોળામાં અદશ્ય થઈ ગયો.

### ૧૦ - બિશપનો ધંધો જતો રહેશે

ગોળમેજી પરિષદ વેળા ગાંધીજી લંડનમાં રહેતા હતા ત્યારે એક બિશપ તેમને મળવા આવ્યા. 'વિજ્ઞાન અને યંત્ર' એ વિષય પર બિશપ ગાંધીજી સાથે ચર્ચામાં ઊતર્યા.

બિશપની એવી માન્યતા હતી કે યંત્રોથી માનવજાતની ખૂબ સેવા થાય છે. પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં તે બોલ્યા કે મનુષ્યને શારીરિક વૈતરામાંથી છોડાવવો જોઈએ, જેથી તે મોટાભાગનો સમય પોતાના બૌદ્ધિક વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગાળી શકે.

ગાંધીજી : સાધારણ માણસ પોતાની નવરાશનો બધો વખત સારી રીતે ગાળશે એવો મને વિશ્વાસ નથી. 'નવરો નખ્ખોદ વાળે' એ કહેવત ઘણી સાચી લાગે છે.

બિશપ : હું રોજ એક કલાકથી વધારે શારીરિક શ્રમ કરતો નથી. મારો બાકીનો સમય હું બૌદ્ધિક કામને આપું છું.

ગાંધીજી (હસતાં-હસતાં) : પણ જો બધા બિશપ બને તો બિશપનો ધંધો જતો રહેશે.

### ૧૧ - આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે

દીનબંધુ એન્ડ્રુઝ અને ગાંધીજી વચ્ચે ગાઢ મૈત્રી હતી. ગાંધીજીના સંપર્કથી દીનબંધુએ ખાદી પણ અપનાવી હતી. એકવાર તે સેવાગ્રામમાં ગાંધીજીને મળવા આવ્યા ત્યારે લાંબી કફની અને કાળા રંગના પહોળા પટાની કિનારવાળું ધોતિયું પહેરીને આવ્યા હતા. મોટરમાંથી ઊતરતાં જ તેમની ધોતી તરફ સૌની નજર ગઈ. કોઈ સ્ત્રીની સાડીનો ધોતી તરીકે ઉપયોગ કર્યો હોય એવું લાગતું હતું. તેથી એક આશ્રમવાસીએ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું કે સ્ત્રીઓ પહેરે તેવા વસ્ત્રની ધોતી કેમ દીનબંધુએ પસંદ કરી હશે ? આ વાત ચાલી રહી હતી તેટલામાં જ દીનબંધુ ગાંધીજી પાસે ાવી પહોંચ્યા. તેમની ધોતી જોઈ ગાંધીજીને પણ રમૂજ પડી. તેમને આવકાર આપતાં ગાંધીજી બોલ્યા,

અરે ચાર્લી ! આવો વેશ તમે કેમ પહેર્યો ?

દીનબંધુ : કેમ શું થયું ?

ગાંધીજી : અરે થાય શું ? રામનારાયણ કહે છે કે આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે.

ગાંધીજીના વિનોદનો રસિક ઉત્તર આપતાં દીનબંધુ બોલી ઉઠ્યા, મારે પણ મારા મોહનની પાસે આવવું હતું ને ?

સેવાગ્રામમાં ગાંધીજીની કુટિરમાં બંને વૃદ્ધોના અટ્ટહાસ્યથી વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરી રહી.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ધરતી પરની સમગ્ર જીવસૃષ્ટિની સુરક્ષા માટે પ્રતિબદ્ધ થઈએ

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

દર વર્ષે, ૨૨મી એપ્રિલના રોજ વિશ્વ ધરતી દિન ઉજવવામાં આવે છે. તારીખ ૨૨મી એપ્રિલ ૨૦૦૯ના રોજ યુનાઈટેડ નેશન્સ સંસ્થાની મળેલ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંકઃ એ/આરઈએસ/ ૬/ ૨૭૮થી, દર વર્ષે ૨૨મી એપ્રિલના દિવસને 'વિશ્વ ધરતીદિન' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. વર્ષ ૧૯૯૨માં, 'રીયો ડિક્લરેશન'ના જાણીતા નિવેદન મુજબ પૃથ્વી અને પ્રકૃતિ સાથે સુમેળ જાળવવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે. માનવતાની વર્તમાન અને ભાવિ પેઢીઓની આર્થિક, સામાજિક અને પર્યાવરણીય જરૂરિયાતો વચ્ચે સંતુલન હાંસલ કરવામાં આવા પગલાં મદદરૂપ બનશે. ધરતીદિન ૨૦૧૯નું વિષયવસ્તુ 'પ્રોટેક્ટ અવર સ્પિસિસ' અર્થાત્ 'આપણી પ્રજાતિઓને સુરક્ષિત રાખીએ' છે.

**ધરતીને અસહ્ય કષ્ટ**

૧૯૬૦ના દસકમાં, હવા પ્રદૂષણથી માનવ આરોગ્ય પર થઈ રહેલ અસરોને કારણે પર્યાવરણીય વિનાશ વિષયક જનજાગૃતિ કાર્યક્રમો લૉસ એન્જેલ્સ, ન્યૂ યોર્ક સિટી તેમજ અન્ય છુટાછવાયા શહેરી વિસ્તારોમાં યોજાયા. વર્ષ ૧૯૬૨માં, રચેલ કાર્સન પેન્સિલવેનીઆ ફાર્મની રહિશ અને વિખ્યાત મહિલા બાયોલોજીસ્ટે ડીડીટીના છંટકાવ સામે જેહાદી લખાણ લખ્યું. તે સમયે પક્ષીઓ અને પશુઓના મોટા પાયે થઈ રહેલા ઘટાડા માટે તેણીએ જંતુનાશક રસાયણોને દોષિત ઠેરવ્યા હતા. વર્ષ ૧૯૬૮માં, વસ્તી વધારાની જરૂરીયાતનું કારણ આગળ ધરીને જમીનો અને જંગલો પર બૂલડોઝર ફેરવીને ઉપનગરો વસાવવામાં આવ્યા હતા. ક્લિવલેન્ડ અને અન્ય ઔદ્યોગિક શહેરો પાસેથી વહેતી ઓહિયોની કુયાહોગા નદીમાં હંમેશા જોખમી કચરો નાંખવામાં આવતો હતો. વર્ષ ૧૯૬૯માં, તેમાં ભયાનક આગ લાગી અને આ ઘટના તે દાયકાની માનવ સર્જિત આપત્તિ ગણાઈ હતી. ધરતી આવી ઘણી અસહ્ય પીડા હજી પણ સહન કરી રહેલ છે.

**પ્રથમ ધરતીદિનનું સંભારણું**

૧૯૬૦ના દાયકા દરમિયાન, અમેરિકાના વિસ્કોન્સિનના સેનેટર ગેલોર્ડ નેલ્સને, શરૂઆતમાં પર્યાવરણ સંરક્ષણને રાષ્ટ્રીય પ્રાધાન્યતા આપવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ડીડીટી પર પ્રતિબંધ મૂકવાનો કાયદો ઘડવા રજૂઆત કરી હતી. પરંતુ તેમનો પ્રયત્ન વ્યર્થ થયો હતો. આ સમયગાળા દરમિયાન, અમેરીકામાં સ્થાનિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓ પરત્વે ધ્યાન ખેંચવામાં કેટલીક નાની સંસ્થાઓને આંશિક સફળતા મળી હતી. વધતી જતી પર્યાવરણીય સંવેદના વ્યક્ત કરવા માટે લોકો દેખીતી રીતે તક શોધતા હતા. ગેલોર્ડ નેલ્સને ૨૨મી એપ્રિલ, ૧૯૭૦ના દિવસને ધરતીદિન માનીને દેશવાસીઓને સમગ્ર અમેરીકામાં, પર્યાવરણીય ચિંતાઓનો ઠેરઠેર બળાપો ઠાલવવાના કાર્યક્રમો યોજવાની અપીલ કરી હતી. જેમાં આશરે બે કરોડ અમેરિકનોએ ભાગ લીધો હતો. ફળસ્વરૂપે અમેરિકાના રાજકીય ફલકમાં ગરમાવો આવ્યો હતો. યુ.એસ. સરકારને એક પછી એક પર્યાવરણીય કાયદાઓ ઘડવાની ફરજ પડી હતી. આ બનાવ બાદ, અમેરિકામાં લોકો દરવર્ષે ૨૨મી એપ્રિલના દિવસે ધરતીદિન ઉજવે છે. અલબત્ત, યુનાઈટેડ નેશન્સ સંસ્થાએ પણ પર્યાવરણીય સંવેદનાની નોંધ લઈને, વર્ષ ૧૯૭૦માં, ૨૨મી એપ્રિલના દિવસને આંતરરાષ્ટ્રિય વિશ્વ ધરતીદિન તરીકે ઉજવવાનું સત્તાવાર રીતે જાહેર કર્યું. વિશ્વભરમાં ધરતીદિન ૧૯૨થી વધુ દેશોમાં ઉજવવામાં આવે છે.

માનવ અને અન્ય જીવસૃષ્ટિ વચ્ચેના યોગ્ય સંબંધને પુનઃસ્થાપિત કરવાનો ક્રમ સતત ઘર્ષણમય રહ્યો છે. આ મંજીલે પહોંચવા માટે રાજકીય, નૈતિક, નીતિ વિષયક અને નાણાકીય પ્રતિબદ્ધતાની લાંબાગાળાની નિરંતર ટકાઉ આવશ્યકતા રહેશે.

હાલમાં, પર્યાવરણીય દૂષણની સમસ્યાઓનો જગત સામનો કરી રહ્યું છે. ક્લાયમેટ ચેન્જ, ગ્લોબલ વૉર્મિંગ, ક્ષીણ થતું ઓઝોન પડ, પાણીની અછત,



દુકાળ, પૂર, પ્રદૂષિત ઝરણાંઓ, નદીઓ અને જળસ્રોતો, ગમે ત્યાં ફેંકાતા જુદાજુદા પ્રકારના કચરાઓ, વગેરેથી થતી હાનીકારક અસરો સામે પૃથ્વીને બચાવવા માટેના વિશ્વ પ્રયત્નો કરી રહ્યું છે. પ્લાસ્ટિકના કચરાથી અન્નચક્ર દૂષિત થાય છે, જેના પરિણામે અણધાર્યા રોગો થાય છે. જોખમી સમસ્યાઓ પૈકી કેટલાંક પ્રદૂષિત ભૂગર્ભ જળનો ખતરો જીવસૃષ્ટી માટે સૌથી ગંભીર બાબત છે. નિરંકુશ માનવ વસાહતો, ઔદ્યોગિક અને વાણિજ્ય પ્રવૃત્તિઓથી ગોચરની જમીનો, ગ્રીન બેલ્ટ્સ અને જંગલો પર અતિક્રમણ કરી રહેલ છે. આથી, જંગલો નાશ પામી રહ્યા છે, ઉપરાંત ઈમારતોના બાંધકામ અને રસ્તાઓ, ટ્રાન્સપોર્ટેશન, જીવનશૈલી, વગેરેમાં કુદરતી સંસાધનોના થતું શોષણ સરવાળે ખોરાક અને પાણીના કુદરતી ચક્રને છીન્નભીન્ન કરે છે. આવી ઘટનાઓ હવા, પાણી અને જમીન પ્રદૂષણને નોંતરે છે. વનસ્પતિ અને પ્રાણીઓની ઘણી જાતિઓ લુપ્ત થઈ ગઈ છે, અથવા લુપ્ત થવાને આરે છે.

**લુપ્ત થયેલ પ્રજાતિઓ**

છેલ્લા દસ હજાર વર્ષ દરમિયાન, માનવીય પ્રવૃત્તિઓના પર્યાવરણ પર થઈ રહેલ પ્રભાવથી પ્રાણીઓની સુંદર પ્રજાતિઓ ધીમે ધીમે લુપ્ત થયેલ છે. જેમાં સામેલ છે - સ્મિલોડન (૧૦,૦૦૦ બી.સી.), આઈરિશ ઈલ્ક (૫,૨૦૦ બી.સી.), વૂલી મૅમોથ (૨,૦૦૦ બી.સી.), મોઆ (સને ૧૪૦૦), સ્ટેલર્સ દરિયાઈ ગાય (સને ૧૭૬૮), ગ્રેટ ઑક (સને ૧૮૫૨), એટલસ બૅર (સને ૧૮૭૦), કુઆગ્ગા (સને ૧૮૮૩), જાપાનીઝ હોન્શુ વૂલ્ફ (સને ૧૯૦૫), તાસ્મેનિયન ટાઈગર (સને ૧૯૩૬), તૂલાચે વલ્લાબિ (સને ૧૯૪૩), કેસ્પિયન ટાઈગર (સને ૧૯૭૦), કેરેબિયન મોન્ક સીલ (સને ૨૦૦૮), વેસ્ટર્ન બ્લેક રિનોસિરસ (સને ૨૦૧૧), પિન્ટા આઈલેન્ડ ટોર્ટોઈઝ (સને ૨૦૧૨).

તાજેતરમાં લુપ્ત થયેલ પ્રજાતિઓઃ બૈજી અથવા યાંગટ્ઝ રિવર ડોલ્ફિન (સને ૨૦૦૬), મેક્સીકન ગ્રીઝલી બૅર (સને ૧૯૬૪), જાવાન ટાઈગર (સને ૧૯૯૪), જાપાનીઝ સમુદ્ર લાયન (સને ૧૯૭૪), પાઈરિનીઅન આઈબેક્સ (સને ૨૦૦૦) અને ઝાન્ઝિબાર લેપર્ડ (સને ૨૦૦૮)નો સમાવેશ થયો છે.

**લુપ્ત થવાના ગંભીર ખતરા હેઠળના પ્રાણીઓ**

આઈયુસીએન - ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઑફ નેચર નામની સંસ્થાએ લુપ્ત થવાના ખૂબ જ ભારે જોખમો અને ખતરાઓનો સામનો કરી રહેલ વન્યપ્રાણીની તૈયાર કરેલ શ્રેણીમાં અમુર લેપર્ડ, બ્લેક રાઈનો, બોર્નિયન ઓરાંગઉટાન, ક્રોસ રિવર ગોરીલા, જાવાન રાઈનો, યાંગત્ઝ ફિન્લેસ પોર્પોઈસ, સુમાત્ન એલિફન્ટ, ઓરંગુટન અને માઉન્ટેઈન ગોરિલાનો સમાવેશ કર્યો છે. આઈયુસીએન સંસ્થાની યાદીમાં લુપ્ત થવાના ગંભીર ખતરાનો સામનો કરતી ૫૦૦૦થી વધુ પ્રજાતિઓ છે. જેમાં, ઘણા તબક્કાના જાનના જોખમો હેઠળની પ્રજાતિઓ સામેલ છે.

**ધરતીદિન ઉજવવાના વિકલ્પો**

તમામ જીવસૃષ્ટિનું જીવન વધુ સારું બનાવવા માટે પૃથ્વીને સ્વચ્છ, સલામત અને તંદુરસ્ત બનાવવી આવશ્યક છે. પર્યાવરણને સ્વચ્છ અને હરિત રાખવા માટે લોકો સાથે આપણા રચનાત્મક અનુભવોની પરસ્પર આપ-લે કરી શકાય. આપણે પર્યાવરણ સંરક્ષણના મહત્વ વિશે વાત કરી શકાય. પર્યાવરણના પ્રદૂષણની સ્થાનિક સમસ્યાઓના ઉકેલ વિષયક પગલાંઓ બાબતે પ્રવચન, ચર્ચા, પરિસંવાદ, પ્રદર્શન, ચિત્ર-નિબંધ-વક્તૃત્વ સ્પર્ધાઓ, વગેરે ગોઠવી શકાય. શાળાઓ અને કોલેજો અથવા અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ ઉપરાંત, સંવેદનશીલ લોકોને પણ આવા સંવાદમાં ભાગ લેવા માટે સામેલ કરવા જોઈએ. સ્થાનિક પ્રદૂષણની સમસ્યાના ઉકેલવા માટે પાકટ વિચાર યુક્ત પદ્ધતિઓ વિકસાવી શકાય. પ્રસંગ પૂરતા રોપા-રોપણને બદલે છોડનો સ્વયં વિકાસ થાય, ત્યાં સુધી માવજત કરી ઉછેરવા માટે તેને દત્તક લેવા માટે લોકોને પ્રોત્સાહિત કરીએ. ઉજવણીઓના સમારંભ દરમિયાન પીરસવામાં આવતા ખાદ્ય-પદાર્થોના થતા બગાડ જેવા સ્ત્રોતોની ઓળખ કરવી જોઈએ. બગાડ થતા આવા ખોરાકની યોગ્ય નિકાલની વ્યવસ્થા ઊભી કરવા આપણે મદદ કરવી જોઈએ.

સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વાણિજ્ય, રહેણાંક અને ઔદ્યોગિક સ્થળો ખાતે પ્લાસ્ટિક કચરાની લાંબાગાળાની નિકાલ વ્યવસ્થા દાખલ કરવી જોઈએ. કચરાના નિકાલ માટે લાંબા ગાળાના કાર્યક્રમોની સમાજમાં ગોઠવણ કરી હોય, તેવી સંસ્થા, ગૃપ અથવા વ્યક્તિને પ્રોત્સાહિત કરવા જોઈએ. લોકો દ્વારા વપરાશમાં લેવાતી જુદા જુદા પ્રકારોની ઊર્જાનો વાજબી ઉપયોગ કરવા અંગેની જનજાગૃતિ કુદરતી સંસાધનોની જાળવણીમાં મદદરૂપ બનશે.

રાજ્યમાં જુદીજુદી નદીઓ, નાળાઓ અને ઝરણાંમાં ગંદાપાણીનો વિપુલ જથ્થો છોડમાં આવે છે. હવા, પાણી અને જમીનના પ્રદૂષણની આપણી સ્થાનિક સમસ્યાઓ છે. ચોક્કસ આયોજન અને અમલીકરણ કરીને ગંદાપાણીના રિયુઝ અને રિસાયકલની બાબતે સુધારાઓ કરવા જોઈએ. હવા સ્વચ્છ રાખવા માટે ઉદ્યોગો અને વાહનોમાંથી નીકળતા ધુમાડા પર નિયંત્રણો મૂકવાનું સુનિશ્ચિત કરવું જોઈએ. પ્રવર્તમાન કાયદા મુજબ મ્યુનિસિપલ સોલિડ વૅસ્ટ, પ્લાસ્ટિક વૅસ્ટ, ઈ-વૅસ્ટ, વગેરેનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. ધરતી પર પેદા થયેલ સમગ્ર જીવસૃષ્ટિની સુરક્ષા અને સુખશાંતિ માટે આપણે પરસ્પર સહયોગી બનવા, સ્વયં જાતે પણ પ્રતિબદ્ધ થવું જોઈએ.